તાત્કાલિક / Email.

ક્રમાંક : ઉમબ/ઉમા.૮–૯/ભરતી/૨૦૧૪/ ૧૦૨૯૦–૩૪૮
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો. જી. મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૧૯–૧૨–૨૦૧૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :– એક પણ જુનિયર કલાર્ક નથી તેવી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓમાં વહીવટી સહાયક ની ભરતી કરવા અંગે.

સંદર્ભ :– શિ.વિ.ના તા.૧–૮–૨૦૧૧ ના ઠરાવ નં. બમશ/ ૧૧૦૯/ઓડી/૦૮/ગ

ઉપરોકત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં સવિનય જણાવવાનુ કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧–૮–૨૦૧૧ ના ઠરાવ નં. બમશ/ ૧૧૦૯/ઓડી/૦૮/ગ થી બિન સરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનુ સંખ્યાબળ નકકી કરવા બાબતે શાળાના વિદ્યાર્થીઓની સખ્યા આધારીત માપદંડ નકકી કરવામાં આવેલ છે.

આ કચેરીના તા.૩૦/૧૦/૨૦૧૪ ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કલાર્કની ખાલી જગ્યાઓની માહિતી માગવામાં આવેલ હતી. તે પૈકી એક પણ જુનિયર કલાર્ક ન હોય તેવી શાળાઓની સંખ્યા ૬૧૯ છે. સદર શાળાઓમાં એક પણ જુનિયર કલાર્ક ન હોય તેવી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વહીવટી સહાયક ની એન.ઓ.સી. આપી ભરતી કરવા નીચે મુજબની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે .

૧. સરકારશ્રીના પ્રવર્તમાન અને વખતોવખતના અને સ્થાયી સુચનાઓ પ્રમાણે તથા શિક્ષણ વિભાગના તા. ૧–૮–૨૦૧૧ ના ઠરાવની જોગવાઈ શરત – ૩ અનુસાર વહીવટી સહાયકની ભરતી કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨. જિલ્લા કચેરીઓ ધ્વારા રજૂ કરવામાં આવેલ ખાલી જગ્યાઓની માહિતી પૈકી ૬૧૯ શાળાઓમાં એક પણ જુનિયર કલાર્ક નથી તેની પૂરતી ચકાસણી આપના દવારા કરી વહીવટી સહાયકની એન.ઓ.સી.આપી ભરતી કરવાની કાર્યવાહી કરવી.

૩. જે શાળામાં એક પણ કલાર્ક નથી તેવી જ શાળાઓમાં જ વહીવટી સહાયકની ભરતી કરવાની છે જેથી આપની કક્ષાએથી પૂરતી ચકાસણી કરીને જ વહીવટી સહાયકની ભરતી કરવાની કાર્યવાહી કરવી.

૪. સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવ અનુસાર રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવ્યા બાદ જ ભરતીની કાર્યવાહી કરવી.

૫. વહીવટી સહાયકની ભરતી ગ્રાન્ટ ઈન એઈડ કોડ ૧૯૬૪ તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વખતોવખતની સુચનાઓ ધ્યાને રાખી એન.ઓ.સી. આપી ભરતી કરવાની કાર્યવાહીનો અમલ કરવાનો રહેશે.

૬. ઉકત ઠરાવની જોગવાઈ નં.૪ મુજબ જો કોઈ શાળા/સંસ્થા આ જોગવાઈઓનું પાલન કરશે નહિ અને અન્ય રીતે કર્મચારીઓની નિમણૂંક કરશે તો તેવી નિમણૂંકો કોઈપણ સરકારી ગ્રાન્ટના હેતું માટે અમાન્ય ગણાશે અને આવા કર્મચારીઓની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

(માનનીય આયુકતશ્રીની તા.૧૯/૧૨/૨૦૧૪ ની શાખા નોંધ પર આપેલ આદેશ અનુસાર)

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨, ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ થવા સારુ....
– સંયુકત સચિવશ્રી,માધ્યમિક, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– પ્રમુખ,શ્રી ગુજરાત રાજય માધ્ય.અને ઉ.મા.શાળા કર્મચારી સંઘ મહામંડળ
૨૯,સ્વપ્નીલ–૨ સુષ્ટિ ધી રીયલ કોપ્લેક્ષ,શાસ્ત્રી રોડ,બારડોલી–૩૬૯૪૬૦ ,જિ.સુરત